# સાહિત્ય અકાદમી, નવી દિલ્હી દ્વારા ઈડરમાં કવિસંમેલન યોજાયું




પંકજ ધુવાડ



**ગુજરાત વિકાસ ન્યૂઝ, હિંમતનગર :** ઈડર આંજણા પાટીદાર એચ. કે. એમ. આર્ટસ અને પી. એન. પટેલ કોમર્સ કોલેજ, ઈડર અને સાહિત્ય અકાદમી નવી દિલ્હીના ઉપક્રમે "ગ્રામલોક" કાર્યક્રમ અંતર્ગત સાબરકાંઠા જિલ્લાના કવિઓનું કવિસંમેલન ડૉ. દીપક રાવલના યોજાયું. આ કવિસંમેલનમાં જાણીતા કવિ રામચન્દ્ર પટેલ, આબિદ ભટ્ટ, રમજી ખેરોલિયન, ઈસુદાન ગઢવી અને પ્રાગજીભાઈ ભામ્ભીએ પોતાની કાવ્યકૃતિઓનો કાવ્યપાઠ કર્યો હતો. કાર્યક્રમ આરંભે કોલેજના કાર્યકારી આચાર્ય ડૉ.ભાનુભાઇ રોહિત દ્વારા ઉપસ્થિત કવિઓનું શાબ્દિક અને પુષ્પગુચ્છથી સ્વાગત કર્યું હતું. કાર્યક્રમના આરંભે સાહિત્ય અકાદમીના સદસ્ય અને આ કાર્યક્રમના અધ્યક્ષ ડૉ. દીપક રાવલ દ્વારા આ કાર્યક્રમની ભૂમિકા બાંધવામાં આવી હતી. ત્યારબાદ ઉપસ્થિત કવિઓએ પોતાની બબ્બે કૃતિઓનો કાવ્યપાઠ કર્યો હતો. કાર્યક્રમને અંતે ડૉ. મનુબેન પટેલે આભારવિધિ કરવી હતી. કાર્યક્રમનું સંચાલન આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, હિંમતનગરના ગુજરાતી વિભાગના અધ્યક્ષ ડૉ. ઉત્પલ પટેલે સંભાળ્યું હતું. સમગ્ર કાર્યક્રમનું સંકલન ગુજરાતી વિભાગના ડૉ. ભીખાભાઈ પટેલ, ડૉ. નેહલ પાઠક અને ડૉ. કલ્પના ભાંભોરે કર્યું હતું. આ કાર્યક્રમમાં અધ્યાપકો, સાહિત્યરસિકો અને વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં જોડાયા હતા.